રાજ્ય સરકારના બાંધકામ માટે વપરાતા
ગૌણ ખનિજોની રોયલ્ટી ભરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક:- ટીએનસી-૧૦-૨૦૧૩-(૪)-સી
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૮/૦૮/૨૦૧૪ .

સંદર્ભ:- (૧) પરિપત્ર ક્રમાંક:- ટીએનસી-૨૨૮૬-યુઓ-૩૯-(૧૯)-સ તા.૨૩-૧૦-૧૯૮૯

(૨) પરિપત્ર ક્રમાંક:- ટીએનસી-૧૦-૨૦૦૨-(૧૪)-સ તા. ૨૮-૪-૨૦૦૩

આમુખ :-

વિભાગના ઉપર દર્શાવેલ સંદર્ભીત પરિપત્રો થી રાજ્ય સરકારના બાંધકામ ના કામો માટે વપરાતા ગૌણ ખનિજોની રોયલ્ટી બાબતે બી-૧ ટેન્ડર ના ક્લોઝ-૩૬ અને બી-૨ ટેન્ડર ના ક્લોઝ-૩૫ માં ઉપરોક્ત સંદર્ભીત પરીપત્રોની તારીખ થી સિક્યોરીટી ડિપોઝીટ પરત કરવા માટે રોયલ્ટી ભર્યા અંગે ના પ્રમાણપત્રનો આગ્રહ રાખવાનો રહેશે નહિ તેવી જોગવાઇ કરવામા આવેલ છે. કોન્ટ્રાક્ટર્સ એસોશિએસન ની રજૂઆતો આવેલ છે કે, ટેન્ડર ક્લોઝની અમલવારી બધા વિભાગમાં એક સરખી રીતે કરવામાં આવતી નથી, અને સિક્યોરીટી ડિપોઝીટ પરત કરવા માટે હજુ પણ અમુક વિભાગોમાં ના વાંધા પ્રમાણપત્રો નો આગ્રહ રાખવામા આવે છે આ બાબતે નીચે મુજબની કાર્યવાહી કરવા આથી સર્વે ને જણાવવામાં આવે છે

પરિપત્ર:-

સંદર્ભીત પરિપત્રોમાંની રાજ્ય સરકારના બાંધકામ માટે વપરાતા ગૌણ ખનિજોની રોયલ્ટી બાબતે અને તેના સંદર્ભે સીક્યુરીટી ડીપોઝીટ પરત કરવા માટે ની જે જોગવાઈઓ છે તેનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે.

જો રોયલ્ટી ભર્યા અંગેના ઈજારદારશ્રી દ્વારા પુરા પાડવામાં આવેલ દસ્તાવેજો અપુરતા લાગે તેવા કિસ્સામાં, સંબંધીત કાર્યપાલક ઈજનેરશ્રીએ કામ પુર્ણ થયેથી જે તે કામ ની સીક્યુરીટી ડીપોઝીટ છુટી કરતાં પહેલાં ઈજારદારશ્રી તરફથી કામમાં વપરાયેલ ગૌણ ખનિજોની-રોયલ્ટી ભરવાની બાકી હશે તો તે ભરપાઈ કરવા ઈજારદારશ્રી બંધાયેલ છે તેવા પ્રકારની ઈજારદારશ્રી પાસેથી બાંહેધરી અચૂકપણે મેળવી સીક્યુરીટી ડીપોઝીટ પરત કરવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

આ સૂચનાનો પણ ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર